


**IPL 2026** | ક્વોલિફાયર મેચ | GT Vs RCB | સમય: સાંજે 7:30 વાગ્યે | સ્થળ: ધર્મશાલા

## હાર્દિકની પોસ્ટે તે મુંબઈ છોડીને CSKમાં જોડાશે તેવી ચર્ચા જગાવી

નવી દિલ્હી, તા. 25: આઈપીએલ 2026 (IPL 2026)ની સીઝન પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ માટે ખૂબ જ નિરાશાજનક રહી છે. ટીમ 14 માંથી માત્ર 4 મેચ જીતીને પોઈન્ટ ટેબલમાં 9મા સ્થાને રહી હતી. આ સીઝનમાં મુંબઈના કેપ્ટન હાર્દિક પંડ્યાનું પ્રદર્શન પણ ખરાબ રહ્યું હતું, જ્યાં તેણે 10 મેચમાં માત્ર 206 રન બનાવ્યા અને 4 વિકેટ ઝડપી હતી. સોશિયલ મીડિયા પર હાર્દિક પંડ્યા આગામી સીઝન (IPL 2027)માં ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) માં જોડાશે તેવી અફવાઓ જોર પકડી રહી છે. આ ચર્ચા ત્યારે શરૂ થઈ જ્યારે હાર્દિકે ઈન્સ્ટાગ્રામ પર એક સ્ટોરી શેર કરી, જેમાં તેના ફોનની લોક સ્ક્રીન પર '07:07' સમય દેખાતો હતો. ક્રિકેટ ચાહકોએ આ નંબર 7 ને તરત જ એમ.એસ. ધોની અને CSK સાથે જોડી દીધો.

# RCB-ગુજરાત વચ્ચે આજે ફાઈનલ પ્રવેશનો જંગ

**ધર્મશાલાના** સુંદર અને ઝડપી ટ્રેક પર બેંગ્લુરુની વિસ્ફોટક બેટિંગ સામે ટકરાશે ગુજરાતનું ઘાતક બોલિંગ મશીન

**ક્વોલિફાયર**-વનનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર સાંજે 7.30 વાગ્યાથી

ધર્મશાલા, તા. 25 (પીટીઆઈ): આઈપીએલ 2026 (IPL-2026)ની પ્રથમ ક્વોલિફાયર મેચમાં મંગળવારે ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ (RCB) અને ગુજરાત ટાઈટન્સ (GT) વચ્ચે ધર્મશાલાના મેદાન પર જબરદસ્ત જંગ ખેલાશે. આ મેચ જીતનારી ટીમ સીધી 31 મેના રોજ અમદાવાદમાં રમાનારી ફાઈનલમાં પ્રવેશ કરશે. લીગ સ્ટેજમાં બંને ટીમો 14 મેચોમાં 18 પોઈન્ટ સાથે બરાબરી પર હતી, પરંતુ શ્રેષ્ઠ રન રેટના કારણે RCB પોઈન્ટ ટેબલમાં ટોચ પર રહ્યું હતું.

આ સીઝનમાં બંને ટીમોએ પ્લેઓફ સુધી પહોંચવા માટે તદ્દન વિરોધાભાસી વ્યૂહરચના અપનાવી છે. રજત પાટીદારની આગેવાની હેઠળની RCB એ આક્રમક બેટિંગ અને મજબૂત બોલિંગ યુનિટના જોરે પોતાની સફર આગળ વધારી છે. આ ટીમે સીઝનમાં ઘણી વખત 200થી વધુ રન બનાવ્યા છે. ટીમને વિરાટ કોહલીના બહોળા અનુભવ અને જોશ હેઝલવુડ તથા ભુવનેશ્વર કુમાર જેવા દિગ્ગજ ફાસ્ટ બોલરોનો ઘણો ફાયદો મળ્યો છે. આ ઉપરાંત, ધર્મશાલાની પિચ અને પરિસ્થિતિઓથી RCBના



ખેલાડીઓ પહેલેથી જ સારી રીતે પરિચિત છે.

બીજી તરફ, ગુજરાત ટાઈટન્સની તાકાત તેમનું શાનદાર બોલિંગ આક્રમણ રહ્યું છે. મોહમ્મદ સિરાજ, કાગિસો રબાડા અને પ્રસિદ્ધ ક્રિષ્નાની ફાસ્ટ બોલિંગ ત્રિપુટી નવી બોલથી વિકેટો ઝડપવામાં માહિર છે, જ્યારે મિડલ ઓવર્સમાં રાશિદ ખાન અને સાઈ કિશોર રન ગતિ પર અંકુશ રાખે છે.

બેટિંગમાં કેપ્ટન શુભમન ગિલ, સાઈ સુદર્શન અને વિસ્ફોટક જોસ બટલર શાનદાર ફોર્મમાં છે. ગુજરાતે પોતાની છેલ્લી લીગ મેચમાં ચેન્નઈ સુપર કિંગ્સને 89 રને હરાવીને પ્લેઓફમાં મજબૂત મનોબળ સાથે એન્ટ્રી કરી છે.

### આ ખેલાડીઓ વચ્ચે રહેશે મુખ્ય મુકાબલો

આ મેચનો અસલી રોમાંચ ખેલાડીઓ વચ્ચેની વ્યક્તિગત લડાઈમાં જોવા મળશે. વિરાટ કોહલી અને સાઉથ આફ્રિકાના ફાસ્ટ બોલર કાગિસો રબાડા વચ્ચેની ટક્કર ધર્મશાલાના બાઉન્સવાળા ટ્રેક પર જોવા જેવી રહેશે. આ ઉપરાંત, આંગળીની ઈજામાંથી મુક્ત થઈને પાછા ફરેલા ફિલ સોલ્ટની આક્રમક બેટિંગ સામે મોહમ્મદ સિરાજની બોલિંગ પાવરપ્લેની દિશા નક્કી કરશે. બીજી તરફ, ભુવનેશ્વર કુમાર અને હેઝલવુડ ફ્લડલાઇટ્સની નીચે શુભમન ગિલ અને સાઈ સુદર્શનની કસોટી કરશે. એકંદરે, આ મેચ RCBની ઊંડી બેટિંગ લાઇન-અપ અને ગુજરાતની મજબૂત બોલિંગ મશીન વચ્ચેનો ખરાખરીનો જંગ સાબિત થશે.

## ધર્મશાલાની પિચ પર રનનો વરસાદ થશે કે ફાસ્ટ બોલરોનો કહેર?

**બોલરોનું** સ્વર્ગ ગણાતું ધર્મશાલા હવે બન્યું હાઈ-સ્કોરિંગ ગ્રાઉન્ડ

**ફાસ્ટ** બોલરોને મળશે ધારદાર સ્વિંગ; પાવરપ્લેની પ્રથમ 6 ઓવર મેચની દિશા નક્કી કરશે



ધર્મશાલા,તા. 25 (પીટીઆઈ): ધર્મશાલાના એચપીસીએ (HPCA) સ્ટેડિયમ પર આ સીઝનમાં રમાયેલી ત્રણ IPL મેચોના આંકડા દર્શાવે છે કે આ મેદાન હવે હાઈ-સ્કોરિંગ પિચમાં ફેરવાઈ ગયું છે, જ્યાં ફાસ્ટ બોલરોની ભૂમિકા પણ એટલી જ મહત્વની રહેશે. આ બદલાયેલો મિજાજ મંગળવારે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ (RCB) અને ગુજરાત ટાઈટન્સ (GT) વચ્ચેની ક્વોલિફાયર-૧ મેચનું પરિણામ નક્કી કરી શકે છે.

આ સીઝનમાં અહીં પ્રથમ ઇનિંગ્સનો સ્કોર હંમેશા 200 રનને પાર ગયો છે. સમુદ્ર સપાટીથી 1450 મીટરની ઊંચાઈ પર આવેલા આ મેદાનની ઠંડી હવામાં ફાસ્ટ બોલરોને શરૂઆતમાં પરંપરાગત સ્વિંગ અને સારો બાઉન્સ મળે છે. જોકે, ઝડપી આઉટફિલ્ડના કારણે પાવરપ્લે પછી બેટ્સમેનો અહીં મોટો સ્કોર બનાવી શકે છે. આ પરિસ્થિતિઓમાં ભુવનેશ્વર કુમાર અને જોશ હેઝલવુડની આગેવાની હેઠળનું RCB નું બોલિંગ આક્રમણ વધુ સચોટ અને નિયંત્રિત હોવાથી તેમને ગુજરાત સામે થોડો ફાયદો મળી શકે છે. બીજી બાજુ, ગુજરાત પાસે ઉત્કૃષ્ટ ઝડપ છે, પરંતુ ધર્મશાલામાં સ્પિનરો માટે બહુ મદદ ન હોવાથી રાશિદ ખાનની આકરી કસોટી થશે. અહીં રમાયેલી મેચોમાં ફાસ્ટ બોલરોએ જ સૌથી વધુ વિકેટો ઝડપી છે. આ પિચ પર ઝાકળના કારણે ચેઝ કરવું સરળ બનતું હોવાથી ટોસ જીતનારી ટીમ પહેલા બોલિંગ કરવાનું પસંદ કરશે.



» રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સોમવારે રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત એક સમારોહમાં ભારતીય મહિલા ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌર ભુલ્લરને પદ્મશ્રી પુરસ્કાર એનાયત કર્યો હતો. આ ઉપરાંત રાષ્ટ્રપતિએ તમિલ માર્શલ આર્ટ સિલામબમના ગુરુ કે પજાનિવેલ અને હોકી કોચ બલદેવ સિંહને પણ પદ્મશ્રી પુરસ્કાર એનાયત કર્યો હતો. કલા, સાહિત્ય, શિક્ષા અને રમત જેવા વિવિધ ક્ષેત્રમાં અમૂલ્ય યોગદાન બદલ પદ્મ પુરસ્કાર એનાયત કરાયા હતા.

## ફ્રેન્ચ ઓપન: સ્વિટેક અને પાઓલિનીની આસાન જીત

**ફ્રેન્ચ** ઓપનમાં પણ ગરમીનો પ્રકોપ

**2015ના** ચેમ્પિયન સ્ટેન વાવરિંકાની ફ્રેન્ચ ઓપનમાંથી વિદાય



પેરિસ, તા. 25 (એપી): પેરિસના ક્લે કોર્ટ પર રમાઈ રહેલા ફ્રેન્ચ ઓપનના શરૂઆતના બે દિવસોમાં કાળઝાળ ગરમી અને લાગણીઓનો અદભુત સંગમ જોવા મળ્યો છે. પેરિસમાં અત્યારે અસાધારણ હીટવેવ ચાલી રહ્યો છે અને તાપમાન 33 સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. આ અસહ્ય ગરમીના કારણે ક્લે કોર્ટ ઘણી ઝડપી બની ગઈ છે, જેના લીધે બોલ વધુ બાઉન્સ થઈ રહ્યો છે અને રમતની ગતિ બદલાઈ ગઈ છે. ખેલાડીઓ ગરમીથી બચવા બરફની થેલીઓનો ઉપયોગ કરી રહ્યા છે અને પ્રેક્ષકો પર પાણીનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.

આ કઠિન પરિસ્થિતિઓ વચ્ચે, ચાર વખતની ચેમ્પિયન ઈગા સ્વિટેકે શાનદાર શરૂઆત કરતા એમર્સન જોન્સને માત્ર 1 કલાકમાં 6-1, 6-2થી હરાવી દીધી હતી, જ્યારે ગત વર્ષની રનર્સ-અપ જાસ્મીન પાઓલિનીએ પણ 7-5, 6-3થી જીત મેળવી. જોકે, ટૂર્નામેન્ટનો સૌથી ભાવુક ક્ષણ ત્યારે આવ્યો જ્યારે 2015ના ચેમ્પિયન અને ટેનિસના લેજેન્ડ સ્ટેન વાવરિંકાએ પોતાની કરિયરની અંતિમ ફ્રેન્ચ ઓપનમાં જેસ્પર ડી જોંગ સામે 6-3, 3-6, 6-3, 6-4થી હારીને આંસુઓ સાથે વિદાય લીધી.

બીજી તરફ, મહિલા સિંગલ્સમાં મોટો ઉલટફેર જોવા મળ્યો, જ્યાં ઓલિમ્પિક વિજેતા ઝેંગ કિનવેન પોલિશ ક્વોલિફાયર માજા શ્વાલિન્સ્કા સામે 6-4, 6-0થી ચોંકાવનારી હાર સાથે બહાર થઈ ગઈ. જોકે, એલિના સ્વિટોલિનાએ મુશ્કેલ મેચમાં જોરદાર વાપસી કરીને 3-6, 6-1, 7-6 (3) થી જીત મેળવી હતી. પુરુષોના ડ્રોમાં, એલેક્સ ડી મિનોરે હીટવેવની સ્થિતિનો ફાયદો ઉઠાવીને 6-4, 6-4, 6-2થી આસાન જીત નોંધાવી, જ્યારે સ્પેનના 19 વર્ષીય ઉભરતા સ્ટાર રાફેલ જોદારે એલેક્ઝાન્ડર કોવાસેવિકને 6-1, 6-0, 6-4થી હરાવી પોતાની પ્રતિભા સાબિત કરી હતી.

## કોહલી સાથેના વિવાદ બાદ હેડની પત્ની સોશિયલ મીડિયા પર ખરાબ રીતે ટ્રોલ

**મેદાનની** ગરમાગરમી ટ્રેવિસ હેડના પરિવાર સુધી પહોંચી



સિડની, તા. 25 (પીટીઆઈ): ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ટ્રેવિસ હેડની પત્ની જેસિકાએ આક્ષેપ કર્યો છે કે, આઈપીએલ મેચ દરમિયાન તેના પતિ અને ભારતીય સ્ટાર વિરાટ કોહલી વચ્ચે થયેલી તકરાર બાદથી તેને સોશિયલ મીડિયા પર ભારે ટ્રોલિંગ અને અપશબ્દોનો સામનો કરવો પડી રહ્યો છે. ગયા શુક્રવારે હૈદરાબાદમાં રમાયેલી મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદે આરસીબીને વચ્ચેની મેચ દરમિયાન કોહલી અને હેડ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી, ત્યારબાદ કોહલીએ મેચ પછી પરંપરાગત રીતે હેડ સાથે હાથ મિલાવવાની પણ ના પાડી દીધી હતી.

જેસિકાએ જણાવ્યું કે, 2023ના વર્લ્ડ કપ ફાઈનલ પછી જેવી સ્થિતિ હતી તેવું જ અત્યારે પણ તેના સોશિયલ મીડિયા પર થઈ રહ્યું છે અને ટ્રોલ્સ કરનારા હવે તેના પરિવાર તથા મિત્રોને પણ નિશાન બનાવી રહ્યા છે.

આ ઘટના અંગે ભારતના પૂર્વ ક્રિકેટર વસીમ જાફરે પોતાની યુટ્યુબ ચેનલ પર કોહલીની ટીકા કરતા કહ્યું કે, કોહલી આ રમતનો એમ્બેસેડર છે અને તે ઘણો મોટો ખેલાડી છે. મેદાનની વાત મેદાન પર જ પૂરી થવી જોઈએ અને તેને આગળ ન ખેંચવી જોઈએ.

## ભારતીય મૂળના નિશેષે ફ્રિટ્ઝને અપસેટ કર્યો

**રોલાં** ગેરો પર વર્ષ 2000 પછી ટોપ-10 ખેલાડીને હરાવનાર પ્રથમ અમેરિકન પુરૂષ ટેનિસ ખેલાડી બન્યો નિશેષ



પેરિસ, તા. 25 (પીટીઆઈ): ભારતીય મૂળના ટેનિસ ખેલાડી નિશેષ બસાવારેડ્ડીએ ફ્રેન્ચ ઓપનના પ્રથમ રાઉન્ડમાં મોટો ઉલટફેર કરતા અમેરિકાના સાતમા ક્રમાંકિત ખેલાડી ટેલર ફ્રિટ્ઝને હરાવી દીધો છે.

વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી મેળવનાર 21 વર્ષીય નિશેષે રવિવારે રાત્રે રમાયેલી રોમાંચક મેચમાં વિશ્વના નંબર નવ ખેલાડી ફ્રિટ્ઝને 7-6(5), 7-6(5), 6-7(9), 6-1થી માત આપી હતી. બે કલાક અને 45 મિનિટ ચાલેલા આ મુકાબલામાં જીત મેળવીને તે બીજા રાઉન્ડમાં પહોંચી ગયો છે.

રોલાં ગેરો (ફ્રેન્ચ ઓપન) ખાતે વર્ષ 2000 પછી ટોપ-10 ખેલાડીને હરાવનાર તે પ્રથમ અમેરિકન પુરૂષ ખેલાડી બન્યો છે.

## કીમી એન્ટોનેલીનો કેનેડિયન ગ્રાન્ડ પ્રિક્સમાં વિજય

**19 વર્ષીય** મર્સિડીઝના ડ્રાઈવરે આ સીઝનમાં સતત ચોથી જીત મેળવી



મોન્ટરીયલ, તા. 25: મેર્સિડીઝ ટીમના ૧૯ વર્ષીય ઇટાલિયન સ્ટાર કીમી એન્ટોનેલીએ રવિવારે રસાકસીભરી કેનેડિયન ગ્રાન્ડ પ્રિ (Canadian Grand Prix) જીતીને સતત ચોથી ફોર્મ્યુલા વન (F1) જીત નોંધાવી છે. એક દિવસ અગાઉ સ્પ્રિન્ટ રેસમાં પોતાના જ સાથી ડ્રાઈવર જ્યોર્જ રસેલ સાથે થયેલી ટક્કર અને વિવાદ બાદ એન્ટોનેલીએ આ ભવ્ય વાપસી કરી છે.

રેસ દરમિયાન બંને મર્સિડીઝ ડ્રાઈવરો વચ્ચે 30 લેપ્સ સુધી નેક-ટુ-નેક ફાઈટ જોવા મળી હતી, પરંતુ બાદમાં રસેલની કારનું એન્જિન ફેલ થતાં તે રેસમાંથી બહાર થઈ ગયો હતો. આ સાથે જ એન્ટોનેલીએ ચેમ્પિયનશિપમાં 43 પોઈન્ટની મજબૂત લીડ મેળવી લીધી છે. ફેરારીના લુઈસ હેમિલ્ટને શાનદાર પ્રદર્શન કરતા રેડ બુલના મેક્સ વેર્સ્ટાપેનને પાછળ છોડીને બીજું સ્થાન મેળવ્યું હતું, જે ફેરારી ટીમમાં જોડાયા પછી હેમિલ્ટનનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. જ્યારે ચાર્લ્સ લેક્લર્ક ચોથા ક્રમે રહ્યો હતો. મેકલેરેનના લેન્ડો નોરિસને ગિયરબોક્સની સમસ્યાના કારણે રેસ અધવચ્ચે છોડવી પડી હતી.

### સુડોકુ ૭૨૯૩ - 'શ્રુતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | ૬ | ૨ | | ૮ | | ૫ | ૩ |
| | ૩ | ૧ | ૬ | ૫ | | ૯ | | |
| | | ૪ | ૩ | ૯ | | | ૬ | |
| | ૧ | | | ૨ | ૬ | | | |
| ૬ | | | ૧ | ૩ | ૯ | | | |
| ૨ | | | | | ૫ | | | ૬ |
| ૭ | ૪ | | ૫ | | ૨ | | | |
| ૧ | | ૫ | ૪ | | ૩ | | | |
| ૩ | ૬ | ૨ | | | ૧ | ૫ | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોકસમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**કાનનો દુખાવો**

ગલગોટાનું ફૂલ ધોઈ, સ્વચ્છ કપડાં થી નુંછી હથેળીમાં ચોળી કાઢેલો રસ કાનમાં નાખવો. કાળજી રાખવી. કાનના પરદા મા કાણું હોય તો કાનમાં કશું નાખીને દર્દી માટે મુશ્કેલી ઉભી કરવી નહીં.

### શબ્દગુંફન - ૭૨૨૮

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**
૧. ખબર મોકલનાર (૫)
૫. રંગ, વર્ણ (૨)
૬. અણસમજુ (૫)
૯. ચળકતું, જાહેર (૩)
૧૨. હાથી (૨)
૧૩. સૂર્ય (૨)
૧૪. ચર્ચા, ઊહાપોહ (૪)
૧૬. કુસ્તીબાજ, પહેલવાન (૨)
૧૭. ઠીક, સારું (૨)
૧૮. બનાવટી (૩)
૧૯. એક રાશિ (૨)
૨૦. અનુકરણ (૩)
૨૨. પાસા ફેંકીને ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
૨૪. એક કઠોળ (૨)
૨૮. શરીર (૨)
૨૯. ચિંતન કરવાના સ્વભાવવાળું (૫)
30. કિંમત, મૂલ્ય (૨)
૩૧. બૂમ, પ્રતાપ (૨)
૩૨. અક્કલ (૨)
33. દીવાની જ્યોત (૨)

**ઊભી ચાવી**
૧. ખિસકોલી (૨)
૨. રહેવાસી (૩)
૩. પખવાડિયાની ત્રીજી તિથિ (૨)
૪. આકાશ (૨)
૫. પવન, વાર્તા (૨)
૭. બીક (૨)
૮. રસ ધરાવતો માણસ (૩)
૯. એક દિવસની મજૂરી (૨)
૧૦. નવાઈભર્યું (૩)
૧૧. પરાજય (૨)
૧૨. આકાશમાં જનારું (૫)
૧૪. દેગ (૨)
૧૫. કાળજી, ચાલાકી (૩)
૧૬. ઝીણું અને કાળું ઓઢણું (૩)
૧૭. મોટર ગાડી (૨)
૧૯. વિરોધી જમાવટ (૨)
૨૦. પર્વત (૨)
૨૧. લગ્ન, લગની (૩)
૨૩. શ્રમ, જહેમત (૪)
૨૪. ઇચ્છા (૨)
૨૬. મીઠું (૩)
૨૭. ઘા પર લગાડવાનું ઔષધ (૩)
૨૮. પાણી પીવાની ઇચ્છા (3)

### ફિઝિયોના મતે ઈજા વધવાની શક્યતા ન હતી: ઈજાગ્રસ્ત વરુણને રમાડવા અંગે રહાણેની સ્પષ્ટતા

કોલકાતા, તા. 25 (પીટીઆઈ): કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)ના કેપ્ટન અજિંક્ય રહાણેએ જણાવ્યું છે કે, ડાબા પગના અંગૂઠામાં ફ્રેક્ચર હોવા છતાં મિસ્ટ્રી સ્પિનર વરુણ ચક્રવર્તીને રમાડવાનો નિર્ણય મેડિકલ સ્ટાફની મંજૂરી બાદ જ લેવાયો હતો. ચક્રવર્તીને આ સીઝનમાં આ ત્રીજું ફ્રેક્ચર થયું હતું. અગાઉ તે ડાબા હાથની બે આંગળીઓમાં ફ્રેક્ચર હોવા છતાં રમ્યો હતો અને આ મહિને હૈદરાબાદ સામેની મેચમાં ઈશાન કિશનના સીધા શૉટથી તેના પગમાં હેરલાઈન ફ્રેક્ચર થયું હતું. રહાણેએ સ્પષ્ટ કર્યું કે, KKRના ફિઝિયો, બીસીસીઆઈ (BCCI) અને ભારતીય ટીમના ફિઝિયો વચ્ચે યોગ્ય ચર્ચા થઈ હતી અને તેમના મતે આ ઈજા વધવાની કોઈ શક્યતા નહોતી. બીસીસીઆઈના કેન્દ્રીય કરાર ધરાવતા ખેલાડીઓની ઈજા અંગે ફ્રેન્ચાઈઝીએ બોર્ડને જાણ કરવાની હોય છે, જે પ્રોટોકોલનું અહીં પાલન થયું હતું. રહાણેએ વરુણની પ્રશંસા કરતા કહ્યું કે, અસાહ્ય દુખાવા છતાં ટીમ માટે રમવાની તેની આતુરતા તેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. વરુણ પોતે રમવા માટે સંપૂર્ણ તૈયાર હતો, જેનાથી ટીમમાં પણ સકારાત્મક સંદેશ ગયો હતો.

### આજનું પંચાંગ

**તા.26/05/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અધિક જેઠ
**તિથિ:** સુદ: અગિયારસ વૃદ્ધિ તિથિ છે.
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** જેઠ: 05
**યોગ :** સિદ્ધિ **કરણ:** વણિજ
**નક્ષત્ર :** હસ્ત : 29:57
**રાશિ:** કન્યા (પ.ઠ.ણ.)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 05:59
**સુરતમાં સૂર્યાસ્ત :** 19:12
**નવકારસી :** 06:47
**પારસી વર્ષ :** 1395 દએ માસનો 15મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 જિલ્કાદ માસનો 08મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ :** બપોરે : 15:00 થી 16:30 સુધી

### આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** માતાના આરોગ્યના ખર્ચા અચાનક આવી શકે છે. માનસિક અશાંતિ સતાવે. કામમાં વિલંબ થાય.

**વૃષભ (બ,વ,ઉ,):** કોઇ ભેટ મળી શકે છે. મનોરંજન પ્રવાસ થાય. શેરબજારમાં ધીરજ રાખવી. મિત્રો સાથે વિવાહ થાય.

**મિથુન (ક,છ,ઘ,):** આર્થિક પ્રગતિ માટે નવી યોજના બને. નવા વેપાર ધંધામાં પ્રગતિ થાય. ઘરનાં કામમાં વિઘ્નો આવે.

**કર્ક (ડ,હ,):** નોકરીમાં પ્રભાવ વધે. આવકનાં સાધનો વધારવાની તક મળે. અટકેલાં કામ અને નાણાં છૂટા થઇ શકે છે.

**સિંહ (મ,ટ,):** આર્થિક રોકાણ માટે યોજના બને. ઘરમાં તાલમેળથી સંતાનોના કામની ચર્ચા સફળ રહે.

**કન્યા (પ,ઠ,ણ,):** આળસના કારણે આરામ કરવાનું મન થાય. ધાર્મિક કાર્યમાં ભાગ લેવાનું બને. પ્રવાસ થાય.

**તુલા (ર,ત,):** કાયદા કાનૂન અને સરકારી કામ બાબતે કોઇની વાતોમાં આવવું નહીં. ખર્ચા વધશે.

**વૃશ્ચિક (ન,ય,):** પ્રેમમાં સાથ મળે. સંતાનોનાં કામમાં મદદ મળે. આવક વધે. સમાજમાં અશાંતિ રહે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** પ્રોપર્ટીની ખરીદી થઇ શકે છે. નવા વેપાર-ધંધાની શરૂઆત થાય. આવક વધે.

**મકર (ખ,જ,):** રચનાત્મક કામ સફળ બને. પાર્ટી-પિકનીક થાય. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. મન અશાંત.

**કુંભ (ગ,સ,શ,ષ,):** આવક કરતાં જાવક વધે. લેવડ-દેવડમાં સાવધાની રાખવી. છેતરાઇ જવાનું બને.

**મીન (દ,ચ,ઝ,થ,):** રોજની આવક વધે. નવાં સંબંધો બને. સમાજમાં યશ મળે. ઘરમાં અવરજવર રહે.

### કોઈ પણ સાલમાં 26 મે એ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી ધંધામાં ચડતીપડતી રહે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. આર્થિક બાબતે ચડતીપડતી રહે. નવાં વેપાર-ધંધા-વ્યવસાયમાં ટેકનોલોજીનો લાભ મળે. સમાજમાં સામાન્ય રહે. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. સંતાનોના કામમાં ચડતી-પડતી રહે. ઉંમરલાયકના વિવાહ થાય. વિદેશનાં કામ ધીમો પડે. વિદ્યાર્થીઓને તક મળે. વારસા, જાયદાદ, જમીન જેવાં કામમાં વિઘ્નો આવે. વડીલોની મદદ નવા ઘર, વાહન, મકાનમાં મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. નોકરી-ધંધા વગેરેમાં હરીફો સતાવશે. ડિસેમ્બર-જાન્યુઆરી-ફેબ્રુઆરી શુક્ર-શનિવાર, 8, 17, 26 તારીખે નવા કામ કરી શકાય. કાળો અને ભૂરો રંગ વાપરતા રહેવું. માર્ચ-એપ્રિલ, બુધવાર, 7,16, 25 તારીખે નવા કામ ટાળવાં. સોનેરી અને સામાન્ય લીલા રંગનો ઉપયોગ ટાળવો. શનિવારના ઉપાયો કરતાં રહેવું.


### શ્રદ્ધાંજલિ

ॐ असतो मा सद्गमय । मृत्योर्मा अमृतं गमय ।
तमसो मा ज्योतिर्गमय । ॐ शान्ति : शान्ति : ।।



**સ્વ. અર્જુન બળવંતરાય દેસાઈ**
સ્વ. તા. ૨૫-૦૫-૨૦૨૪

स जीवति गुणा यस्य धर्मो यस्य जीवति ।

કર્મ અને સેવા એજ તમારે મન ધર્મ રહ્યા,
પ્રેમ અને કરુણા સંગ તમારા સર્વે ઉપર આશિષ રહ્યા.

લિ.
કિસન દેસાઈ અપૂર્વ દેસાઈ
મેહુલ દેસાઈ શિવાંગ દેસાઈ
બળવંતરાય ગાંડાભાઈ દેસાઈ પરિવાર
દેસાઈ કન્સ્ટ્રકશન પ્રા. લિ. પરિવાર
વલસાડ